અમદાવાદ ના મે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજી.સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૨૩,માં.

ક્રિ.કેસ.નં.77934/2020

**આંકઃ૧ અન્વયે હુકમ**

(૧) ફરીયાદીને સાંભળ્યા,પુરસીસ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા જણાઈ આવે છે કે, આ કામે સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદીનાઓ અત્રેની અદાલત સમક્ષ હાજર છે.ફરીયાદી હાજર થઈને આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાની પુરસીસ રજુ કરેલ છે અને જાહેર કરેલ છે કે, પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેથી સમાધાનને ધ્યાને લઈ પક્ષકારોને છુટા કરવા વિનંતી કરેલ છે. વધુમાં ફરીયાદીએ જાહેર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોઈ તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ પુરાવો આપવા માંગતા નથી.તેઓએ આરોપી વિરૂદ્ધનો ગુનો દર ગુજર (કમ્પાઉન્ડ) કરેલ છે અને સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી. ફરીયાદીને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોક્ત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજેલ ન હોઈ,આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરીયાદી આપેલ પુરસીસમાં આરોપીની સહી ન હોય તો પણ આ અદાલત આરોપી વિરૂદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કંમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? અદાલતના ધ્યાન ઉપર નીચેની ઓથોરીટી આવેલ છે.

*૧. વાય.પી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ.લો.જ.પાન નંબરઃ૯૨૮.*

*૨. યેસુદાસ એન્ડ અધર્સ વિ.પી.એસ.આઈ.કલ્લામેસરી એન્ડ અધર્સ ૨૦૦૮ ક્રિ.લો.જ.પાન નંબરઃ૧૨૯૦.*

(૩) ઉપરોકત ચુકાદામાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

એ. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે,દ્વીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦(૧) અને ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુક્ત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહી.

ડી. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

ઈ. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા અદાલત ગુનાનું

સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઊપરોક્ત ચુકાદાઓમાં ઠરાવેલા સિદ્ધાંત ધ્યાને લીધા.સદર સિદ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ મુજબ ગુનો દર ગુજર માફ (કમ્પાઊન્ડ) કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી.જો કે હાલના કેસમાં ફરીયાદીએ સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે.ફરીયાદીની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુંકસાન થતુ હોય તેમ જણાતુ નથી.વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવશે તે રીતે ફરજ પાડવામાં આવે તો પણ કેસના પરિણામમાં કોઈ ફરક પડશે નહી.ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે કંમ્પાઊન્ડ માટેની અરજી આપેલ હોઈ આરોપી હાજર નથી તે જ કારણોસર ફરીયાદીની પુરસીસ ગ્રાહ્ય ન રાખવાથી અર્થહીન કાર્યવાહી થશે અને ફરીયાદી/ભોગ બનનારને અદાલત ફરી આવવાનું થશે તેમજ સરકારી નાણાંનો વ્યય થશે.

(૫) આમ ઊપરોક્ત તમામ ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદી/ભોગ બનનારની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-ઃ હુ ક મ ઃ-**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો.કલમઃ ૩૭૯ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. અન્યથા તેના સાચા હક્કદાર ઈસમની ખાત્રી કરી પોલીસે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજ તારીખઃ૧૧મી માહે ડિસેમ્બર સને ૨૦૨૧ ના રોજની લોક અદાલતમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

(જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ૨૩,અમદાવાદ.
કોડ નંબરઃજીજે.૦૦૯૨૧.